ગાંધીનગર સમાચાર

## ગીર ફાઉન્ડેશનમાં ભેદી વૃક્ષછેદન : હરિયાળી પર જેસીબી ફરી વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ

# અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને વિપક્ષના નેતાને સ્વર્ણીમ સંકુલ-૨માં જગ્યા ફાળવાઈ

### વિધાનસભાના રિનોવેશનની કામગીરીને પગલે લેવાયો નિર્ણય
### વિધાનસભા સચિવાલય બ્લોક નં. ૧ અને ૨ માં ખસેડાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાના રિનોવેશનની હાથ ધરાયેલ કામગીરીને લઈ વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તેમજ વિપક્ષનેતાની કચેરી સ્વર્ણિમ સંકુલ-૨માં ખસેડવામાં આવી.

રૂ. ૧૨૦ કરોડના ખર્ચે વિધાનસભાનું રિનોવેશનનું કામ હાથ ધરવામાં આવ્યુ છે. વિધાનસભા સત્ર દરમ્યાન આ કામગીરી સ્થગિત કરવામાં આવી હતી પરંતુ પુનઃ આ કામગીરીમાં વેગ આવ્યો છે.

રિનોવેશનની કામગીરીને ધ્યાને રાખી વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તથા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની કચેરીઓ સ્વર્ણિમ સંકુલ-૨ના પ્રથમ મજલે ખસેડવામાં આવી છે.

હવે વિધાનસભા સચિવ તેમજ વિધાનસભા સચિવાલયને પણ બ્લોક નં. ૧ અને ૨ માં ખસેડવા માટેની હિલચાલ ચાલી રહી છે. આ માટેનો નિર્ણય આગામી સપ્તાહના અંત સુધીમાં લેવાઈ જશે.

મળતી વિગતો પ્રમાણે વિધાનસભાનું એક દિવસીય સત્ર મે ની મધ્યમાં મળનાર છે. આ પુરતુ એકાદ સપ્તાહ કદાચ રિનોવેશનની કામગીરી સ્થગિત કરવામાં આવશે. ૧૨ મહિનાની અંદર રિનોવેશનની સંપૂર્ણ કામગીરી પૂર્ણ કરી દેવાનું આયોજન કરાયું છે.

રાજયની ૧૪મી વિધાનસભાની પ્રથમ બેઠક નવા રિનોવેશનથી સજ્જ થયેલ સંકુલમાં મળશે તેમ મનાઈ રહ્યું છે.

ઓગષ્ટમાં રાજયસભાની ચૂંટણી તેમજ જુલાઈમાં રાષ્ટ્રપતિની ચૂંટણી વખતે પણ રિનોવેશનની કામગીરીની ગતિ ધીમી પડે તેવા સંકેતો મળી રહ્યા છે.

# ગુડા સોનીપુર-રૂપાલમાં ૨૦ લાખના ખર્ચે સી.સી. રોડનુ નિર્માણ કરશે

### ગ્રામ વિકાસ સદભાવના યોજના અંતર્ગત ખાતમુહુર્ત કરાયુ

ગાંધીનગર તા ૨૦



ગુડા દ્વારા ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે સોનીપુર અને રૂપાલમાં આર સી સી રોડ બનાવાના કામોનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. ગ્રામ્ય વિસ્તારમાં માળખાગત સુવિધાઓ પુરી પાડવાના ભાગરૂપે ગુડા દ્વારા રૂ ૨૦ લાખના ખર્ચે સી સી રોડનુ નિર્માણ કરવામાં આવશે.

ગુડા દ્વારા વિકાસના વિવિધ કામોની સાથે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો પણ તેજ ગતિએ હાથ ધરાયા છે. જેમાં ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ તેમજ રસ્તાના કામો માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહયુ છે. જે અન્વયે શેહરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા કામો માટેનુ ભુમિપુજન કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. આજે પણ ગુડા દ્વારા જિલ્લાના રૂપાલ અને સોનીપુર ગામમાં રૂ ૨૦ લાખના ખર્ચે આર સી સી રોડના કામો માટે ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. ગુડાના ચેરમેન આશિષ દવેના હસ્તે સી સી રોડના

● અનુસંધાન પાન-૭ પર



### મુખ્યમંત્રી, મુખ્ય સચિવ કલેક્ટરે લાલ લાઈટ હટાવી

રાજ્ય સરકારે કેન્દ્રના પગલે મંત્રીઓ અને અધિકારીઓની ગાડી પરની લાલ લાઈટ હટાવવાના કરેલા નિર્ણયને પગલે આજે મુખ્યમંત્રી રૂપાણી, તથા મંત્રીમંડળના સભ્યો સહિત મુખ્ય સચિવ જે.એન. સિંહ, જિલ્લા કલેક્ટર સતીષ પટેલ સહિત સૌએ તેમની ગાડીઓ પર લગાવાયેલી લાલ લાઈટો જાતે દૂર કરી હતી.

### ગીર ફાઉન્ડેશનમાં ભેદી વૃક્ષછેદન

# હરિયાળી પર જેસીબી ફરી વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ

### લેબોરેટરીના નિર્માણ માટે સુકા અને લીલા વૃક્ષોનુ નિકંદન
### અગાઉ પણ સુકા વૃક્ષોનો ખાતમો કરાયો હતો

ગાંધીનગર તા ૨૦

ગીર ફાઉન્ડેશનમાં લેબોરેટરી બનાવાની ગતિવિધિઓના લીધે સંકુલમાં લીલા વૃક્ષો પર જે સી બી ફેરવાનુ શરૂ કરી દેવાયુ છે. નેચર પાર્કમાં સમાવિષ્ટ આ ઠેકાણે વૃક્ષો કાપવા માટે કેન્દ્ર સરકાર કક્ષાએથી મંજુરી લેવી પડે છે. જયારે મુખ્યમંત્રી પણ ગીર ફાઉન્ડેશનના ચેરમેન છે. ત્યારે છેલ્લા ૬ મહીનાથી



ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સુકા વૃક્ષો કાપવાની હરકત સામે પણ પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ વ્યાપ્યો છે. અગાઉ સુકા વૃક્ષોનુ નિકંદન વળતા જીવજંતુઓ તેમજ પક્ષીઓ સહીતના જીવને વિસામો વિસરાઈ ગયો છે.

ગીર ફાઉન્ડેશનમાં લેબોરેટરી બનાવાની કાર્યયોજના અન્વયે હાલ વૃક્ષોનુ નિકંદ ન વળી રહયુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગીર ફાઉન્ડેશનની કચેરીની પાછળના ભાગમાં જે સી બી મશીન વૃક્ષો પર ફરી વળતા હરિયાળી સામે મોટો ખતરો ઉભો થયો છે. આ ઠેકાણે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-મહેસાણાનો સંયુક્ત કૃષિમહોત્સવ ૧૬મીએ મહેસાણામાં

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર અને મહેસાણા જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ ૧૬મી મે ના રોજ મહેસાણા ખાતે યોજાશે.

રાજ્ય સરકારે ૧૩મો કૃષિ મહોત્સવ દરેક કૃષિ યુનિવર્સિટી વિસ્તાર દીઠ યોજવાનો નિર્ણય કરેલ છે. દાંતીવાડા કૃષિ યુનિ.માં ૪ કૃષિમહોત્સવ યોજાશે. જે પૈકી ગાંધીનગર અને મહેસાણાનો કૃષિ મહોત્સવ મહેસાણા ખાતે યોજાશે.

ગાંધીનગર જિલ્લાના ૧૦ હજાર જેટલા ખેડૂતો આ કૃષિ મહોત્સવમાં ભાગ લેશે તે રીતે આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ એક દિવસીય કૃષિ મહોત્સવ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

૨૦૦૫થી યોજવામાં આવતા કૃષિ મહોત્સવના સારા પરિણામો મળ્યા હોવાનો રાજ્યના કૃષિ વિભાગે

**જિલ્લામાંથી ૧૦ હજાર જેટલા ખેડૂતો ભાગ લેવા માટે મહેસાણા જશે**

દાવો કર્યો છે. મળતી વિગતો પ્રમાણે અગાઉ કૃષિરથ હતા આ પછી તાલુકાવાર તે બાદ બે તાલુકાનો એક કૃષિ મહોત્સવ યોજાતો હતો. હવે બે જિલ્લા દીઠ એક કૃષિ મહોત્સવ યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે : સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાશે

### લો કમિશનના બીલના વિરોધમાં વકીલો આજે કલેકટરને આવેદનપત્ર આપશે

ગાંધીનગર તા ૨૦

લો કમિશન દ્વારા વકીલો વિરુધ્ધનુ બીલ રજુ કરવામાં આવ્યુ હોવાનો આક્રોશ સાથે ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા આજે આ બીલના વિરોધમાં કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વકીલો સવારે ૧૧ : ૩૦ કલાકે કોર્ટ કમ્પાઉન્ડ બહાર એકત્રિત થઈ સુત્રોચ્ચાર કરીને સુચિત બીલની હોળી કરશે. ત્યારબાદ બીલના વિરોધમાં બાર એસોસિએશન દ્વારા કલેકટરને આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવશે.

ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ રણધીરસિંહ વાઘેલાએ આ અંગે જણાંવ્યા મુજબ લો કમિશન દ્વારા લોકસભામાં રજુ થયેલા બીલનો સમગ્ર દેશના વકીલો વિરોધ કર્યો છે. વકીલોને કાયમી સ્વરૂપે ગુલામ બનાવનારા આ બીલની બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા તેમજ સ્ટેટ બાર કાઉન્સીલે ગંભીર નોંધ લીધી હતી. જયારે ગત તા ૩૧ માર્ચના રોજ વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહ્યા હતા. ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા તા ૨૧ એપ્રિલના રોજ પણ વકીલોને કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવા આહવાહન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે વકીલો આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે. જયારે સુચિત બીલનો વિરોધ કરવા માટે સુત્રોચ્ચાર કરી હોળી કરશે. ત્યારબાદ બપોરે ૧૨ : ૩૦ કલાકે વકીલો એકત્રિત થઈને જિલ્લા કલેકટરને આ મામલે આવેદન પત્ર આપશે.


હૃદયાંજલિ



21/4/2014

અ.નિ. વત્સલાબેન પટેલ

શબ્દાંજલિ, પુષ્પાંજલિ, સ્મરણાંજલિ, ભાવાંજલિ,
શું અર્પવાના તને ''મા'', તેં અર્પી અમને જીવનાંજલિ
જન્મોજનમ ઋણી બન્યાં અમે સૌ 'તારા બાળુડાં'
પ્રત્યેક ધબકારથી સ્વિકારજે 'હૃદયાંજલિ'

ચાહના, મોરલી, ભૂષણ
પ્રકાશ, નમન, લીના
ઉજાસ, ફ્રેયા, જૈમિન
ચાર્મી


# મેયર કાર્યાલયમાં હવે છાશ પીવડાવી સ્વાગત કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકામાં હવે મેયર ઓફિસની મુલાકાતે જનાર મુલાકાતીનું છાશ આપી સ્વાગત કરવામાં આવશે.

જે રીતે પાટનગરમાં હીટવેવ ચાલી રહ્યુ છે તે ધ્યાને રાખી મેયર કાર્યલયે આ નિર્ણય કરી આજથી અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. આરોગ્ય તંત્રએ પણ લૂ થી બચવા ગરમ પીણાને બદલે છાશ કે લીંબુ પાણી અથવા પાણી પીવા માટે જણાવ્યુ છે. આરોગ્યતંત્રની સલાહને અગ્રતા આપી મુલાકાતીઓને છાશ પીવડાવવાનો નિર્ણય કરેલ છે.


ભાડે જોઈએ છે
SHOP/SHOW ROOM
Long term leaseથી
MNC / Bankને
500-2000 Ft. Carpet
Reliance Cross Road,
Infocity, Sector-6
The Space 9328701440
9328801440




શહેરી બસ વ્યવસ્થા ખોરવાઈ - શહેરમાં આંતરિક બસ વ્યવસ્થા ખોરવાતા નગરજનો ભારે હાલાકીમાં મુકાયા હતા... વહેલી સવારથી જ બસ સ્ટેન્ડ, પૂછપરછ કાર્યાલય પર બસો બંધ છે બોર્ડ લગાવાયું હતું... તેના પગલે મધ્યમ વર્ગીય સમાજના નાગરિકોને ધોમધખતા તડકામાં મુશ્કેલી પડી હતી....

# લક્ષ્યાંકસિદ્ધિ જ નહિ પણ કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા રાજ્યમંત્રી વાઘવાણીનું આહ્વાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની આરોગ્ય ટીમે એક ટીમ તરીકે કામ કરી બધા જ આરોગ્યલક્ષી કાર્યક્રમોના અમલીકરણમાં જે સંવેદના સાથે કામ કરી અને લક્ષ્યાંક સિદ્ધિ મેળવી છે તે અભિનંદનને પાત્ર છે તેમ રાજ્યમંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીએ ગઈકાલે સાંજે યોજાયેલ ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની સમીક્ષા બેઠકમાં શબ્દો ઉચ્ચાર્યા હતા.

તેમણે તંત્રના અધિકારીઓને કૂપોષણ મુક્તિ અભિયાનમાં વધુ ઘનિષ્ટ રીતે કામગીરી કરવાનો

● અનુસંધાન પાન-૭ પર


પ્રજ્ઞેશ ટ્રાવેલ્સ
આયોજીત (૩x૨ બસ)
ચારધામ યાત્રા પ્રવાસ ઉત્તરાખંડ, હરદ્વાર, ગોકુલ-મથુરા-વૃંદાવન સહિત
દિવસ-૧૮, તા. ૨૧/૫/૧૭ ઉપડશે ● રૂ. ૧૨,૫૦૦/-
અમરનાથ યાત્રા - દિવસ - ૧૮
હરદ્વાર, ગોકુલ-મથુરા-વૃંદાવન સહિત
દિવસ-૧૮ ● તા. ૬/૭/૧૭ ઉપડશે ● રૂ. ૧૦૫૦૧/-
મો. ૯૩૨૭૦૪૨૪૫૦-લતાબેન ● ૯૭૩૭૨૫૭૬૪૬-પ્રજ્ઞેશભાઈ

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, 'ક' રોડ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર
disha
ગત બે વર્ષના સફળ પ્રયોગ અને ગ્રાહકોની માંગ મુજબ ચાલુ વર્ષે મધુર દિશા દ્વારા
કેસર કેરીનો મધુર ટેસ્ટ Real ભાવથી
ઉનાળાનો ઉપાય અને ફળોનો રાજા
ઉમંગ રૂ. ૪૫૦/-
કેસર કેરી
ઉપરોક્ત મહત્તમ વેચાણ કિંમતથી સ્ટોક હશે ત્યાં સુધી દરેક મધુર પાર્લરો, એજન્સીઓ અને દૂધ મંડળીઓ પરથી મળશે.
શ્રી રોહિત મહેતા, મેનેજીંગ ડિરેક્ટરશ્રી
ડો. શંકરસિંહ રાણા, ચેરમેનશ્રી
તથા નિયામક મંડળ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજૂરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૯૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com